ગેસ સિલિન્ડર લિકેજ થતાં આંજણા ફાર્મનાં મકાનમાં આગ લાગી

સુરતઃ આંજણા ફાર્મ સ્થિત આનંદ નગર સોસાયટીનાં એક ઓરડામાં સોમવારે સવારે રસોઈ બનાવતી વખતે રાંધણ ગેસની બોટલ લિકેજ થવાને કારણે આગ લાગી આગમાં રૂમમાં રાખેલી ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવી હતી તેથી ડુભાલ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર ઓફિસર સુનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે, સવારે 8:45 કલાકે તેમને કોલ મળતાની સાથે ગણતરીની મિનિટોમાં ફાયર બ્રિગેડ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. એક નાના ઓરડામાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને ગણતરીની મિનિટોમાં કાબૂમા કરી લીધી હતી.

રાંદેરમાં બારીનો કાચ બદલતી વખતે બીજા માળેથી પટકાતાં યુવકનું મોત

સુરતઃ ઉગત ભેંસાણ રોડ પર આવેલ મેડિકલ કોલેજ પાસે ગ્લોબલ બ્લુ ફ્લેટ્સમાં મનીષ ઇશ્વર પટેલ (ઉં.વ.46) એલ્યુમિનિયમ સેક્શનનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે સાંજે મનીષ રાંદેર નવયુગ કોલેજ પાસે આવેલ સંઘના સોસાયટીમાં કામ માટે ગયા હતા. જ્યાં તે બીજા માળે બારીનો કાચ બદલવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે તેઓએ સંતુલન ગુમાવતા નીચે પટકાયા હતા. રવિવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. રાંદેર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સચિનમાં 30 વર્ષ પૂર્વે થયેલી હત્યામાં આરોપી ઓડિશાથી ઝડપાયો

સુરત સચિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૧૯૯૬માં નોંધાયેલા ચર્ચાસ્પદ હત્યાના ગુનામાં છેલ્લા 30 વર્ષથી નાસતા ફરતો આરોપી હાલ ઓડિશાના ગંજામ જિલ્લાના ફ્લેશ્વરપલ્લી ગામ ખાતે છુપાઈને રહેતો હોવાની બાતમીના આધારે પીસીબી પોલીસે ૬૬ વર્ષીય આરોપી ચંદર દલાઈને સફળતાપૂર્વક ઝડપી લીધો હતો. આ ગુનામાં કુલ સાત આરોપી સંડોવાયેલા હતા, જેમાંથી ચારની અગાઉ ધરપકડ થઈ ચૂકી હતી. જ્યારે ફરાર બે આરોપી કાલિયા મોહન ગૌડ અને ઉપેન્દ્ર ગંગાધર દલાઈ (બંને રહે., કબીસૂર્યનગર, ગંજામ, ઓડિશા)નું અગાઉ મરણ થઈ ચૂક્યું હોવાના પુરાવા પણ પોલીસે એકત્ર કર્યા છે.

મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં બે આરોપીને 15 વર્ષની કેદ

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં શરણમ રેસિડેન્સીની સામે સ્વસ્તિક વિલા તરફ જતાં રોડ પર પોલીસે સુફીયાન ઉર્ફે શીબુ હુસૈન શેખને ૧૨૯.૫૮ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. ડ્રગ્સનો જથ્થો મોહમદ રીઝવાન ઉર્ફે ઉસ્તાદ ઉર્ફે ગુંડોએ મંગાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદપક્ષે સાક્ષીઓ તથા વિવિધ દસ્તાવેજી અને ડિજિટલ પુરાવા રજૂ કર્યા હતા. સરકાર પક્ષે એપીપી દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે બંને આરોપીને 15 વર્ષની સજા ફટકારી હતી.

મનપા વધુ 5292 1-BHK ફ્લેટ બનાવશે

સુરતઃ પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે વધુ 5292 EWS-1 આવાસના નિર્માણની દિશામાં મહત્ત્વપૂર્ણ વહીવટી તબક્કો પૂર્ણ થયો છે. એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશિપ (AHP) હેઠળ શહેરના વિવિધ ઝોનમાં 10 સ્થળે આવાસ અને કોમર્શિયલ દુકાનોના નિર્માણ માટે તૈયાર કરાયેલા 713.29 કરોડના વહીવટી અંદાજને સોમવારે મળેલી સ્લમ ઇમ્પ્રૂવમેન્ટ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. હવે DPRના આધારે ટેક્નિકલ અને ટેન્ડર પ્રક્રિયા આગળ વધશે. PMAY-U 2.0 હેઠળ મનપા વિસ્તારમાં આશરે 50 હજાર આવાસ બનાવવાનો લક્ષ્યાંક છે. અગાઉ 16 સ્થળે આવાસ માટેના અંદાજ મંજૂર થયા બાદ હવે વધુ 10 સ્થળનો ઉમેરો થયો છે.

સુરતમાં 4થી 5 લાખ ઉત્તર ભારતીયોની પૂજા માટે 20 સ્થળોએ વ્યવસ્થા

સુરતમાં છ લાખ લોકો છઠપૂજામાં જોડાશે

છઠ પૂજા દરમિયાન સુરત જાણે ‘મિની બિહાર’ બની જાય છે

સુરતઃ સુરત શહેરમાં વસતા લાખો ઉત્તર ભારતીયો માટે છઠ પૂજા સૌથી મોટા તહેવારો પૈકીનો એક છે. આ વર્ષે સુરત જિલ્લામાં અંદાજે 4થી 5 લાખ લોકો છઠ પૂજામાં જોડાય તેવી શક્યતા છે. જેને લઈને સુરત મહાનગરપાલિકા અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જોકે, ડિંડોલી ખાતે છઠ પૂજા તળાવ પર શ્રદ્ધાળુઓએ એક મહિના અગાઉથી જ જગ્યા રોકવાનું શરૂ કરી દેતાં આ મામલો ચર્ચામાં આવ્યો છે.

ડિંડોલીના છઠ પૂજા તળાવ પર શ્રદ્ધાળુઓએ પોતાની અનુકૂળ જગ્યા માટે અત્યારથી જ તળાવની પાળ પર પોતાના નામ અને મોબાઈલ નંબર લખી દીધા છે. મોટી સંખ્યામાં લોકો છઠ પૂજા માટે ઉમટવાના હોવાથી સારી જગ્યા મેળવવા માટે અગાઉથી જગ્યા રોકવાની આ પ્રથા જોવા મળી રહી છે.

જોકે, આ અંગે બિહાર સમાજના આગેવાનોએ સ્પષ્ટતા કરી છે કે સંસ્થા દ્વારા કોઈ પ્રકારનું જગ્યા રિઝર્વેશન કરવામાં આવતું નથી. સુરત મહાનગરપાલિકા અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા શહેરમાં અંદાજે 20 જેટલા સ્થળોએ છઠ પૂજા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અલગ-અલગ વિસ્તારોમાં કૃત્રિમ તળાવો તથા નહેર-નદીના કાંઠે ઘાટ તૈયાર કરવામાં આવે છે. અંબિકા નિકેતન પાછળ તાપી નદીના કિનારે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ છઠ પૂજામાં જોડાશે. દર વર્ષે સુરતમાં છઠ પૂજાનો વ્યાપ વધી રહ્યો છે અને નવા વ્રતીઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. આયોજકોના જણાવ્યા મુજબ સુરતમાં છઠ પૂજા દરમિયાન જોવા મળતો માહોલ બિહારમાં યોજાતી છઠ પૂજાથી જરાય ઓછો નથી. મોટી સંખ્યામાં ઉત્તર ભારતીયો એકત્ર થતાં છઠ પૂજા દરમિયાન સુરત જાણે ‘મિની બિહાર’ બની જાય છે.

કોઈ જગ્યા રોકવાની જરૂર નથીઃ બિહાર સમાજ

બિહાર સમાજના આગેવાનોએ શ્રદ્ધાળુઓને અપીલ કરી છે કે ડિંડોલી ઘાટ પર નામ અને મોબાઈલ નંબર લખીને જગ્યા રિઝર્વ કરવાની જરૂર નથી. આ પ્રકારની વ્યવસ્થા સ્થાનિક લોકો દ્વારા પોતાની અનુકૂળતા માટે ઊભી કરવામાં આવી છે અને સંસ્થા સાથે તેનો કોઈ સંબંધ નથી. આગેવાનોના જણાવ્યા મુજબ છઠ પૂજા માટે આવનારા તમામ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

છઠપૂજામાં આર્ધ્ય માટેની સામગ્રી

ઠેકુઆઃ ઘઉંના લોટ, ગોળ અને ઘીમાંથી બનાવવામાં આવતો મુખ્ય પ્રસાદ

ફળોઃ કેળાંની આખી લૂમ, સફરજન, નાળિયેર (પાણીવાળું અને કોરું), જામફળ અને ડાબ (મોટું લીંબુ/ચકોતરૂ)

શાકભાજી અને કંદમૂળઃ કાચી હળદર અને આદુ (છોડ સહિત), રતાળુ (શકરિયાં), અળવી અને મૂળો

સિંદૂરઃ પરંપરાગત લાલ અથવા પીળું સિંદૂર

અક્ષત અને ધૂપ-દીપઃ ચોખા, અક્ષત, ઘીનો દીવો, ધૂપસળી અને કપૂર

અન્ય સામગ્રીઃ શેરડી (પાંદડા સાથે), સુપારી, સોપારીના પાન, અક્ષત અને પાંચ પ્રકારની ઋતુગત મિઠાઈઓ કે પ્રસાદ

ઘટી-ઘટીને છેક 20 લાખ થયા પણ ઈન્ડોરમાં ગરબાનો કોઈ ઘરાક નહીં!

ગત વખતે 25 લાખમાં કોઈ આયોજક નહીં આવતા આ વખતે 20 લાખની બેઝ પ્રાઈઝ હતી

ભૂતકાળમાં ઈન્ડોરમાં નવરાત્રિ કરવા માટે 1 કરોડ સુધીના ટેન્ડર ભરાતા હતા

ચાર વખત ટેન્ડર છતાં 30 સપ્ટેમ્બર સુધી એકપણ ઓફર નહીં

સુરતઃ સુરત મહાનગરપાલિકાના રમતગમત માટે બનાવાયેલા ઈન્ડોર સ્ટેડિયમને આ વર્ષે નવરાત્રિના ગરબા માટે ભાડે આપવાની કવાયત નિષ્ફળ ગઈ છે. પાલિકાએ દસ દિવસ માટે સ્ટેડિયમ ભાડે આપવા 20 લાખની બેઝ પ્રાઈઝ નક્કી કરી હતી, પરંતુ ચાર વખત ટેન્ડર બહાર પાડ્યા છતાં 30 સપ્ટેમ્બર સુધી એકપણ આયોજક કે એજન્સીએ ઓફર કરી નથી. પરિણામે આ વર્ષે ઈન્ડોર સ્ટેડિયમમાં ગરબાનું આયોજન થવાની શક્યતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

વર્ષ 2008-09માં ગરબા માટે સ્ટેડિયમ માટે મહત્તમ 1 કરોડ સુધીની ઓફર મળ્યાની વિગતો છે. આ વર્ષે પ્રથમ ટેન્ડરમાં ઓફર ન મળતાં પાલિકાએ ફરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી અને કુલ ચાર વખત આયોજકો પાસેથી ઓફર મંગાવવામાં આવી હતી. તેમ છતાં 20 લાખની બેઝ પ્રાઈઝે પણ કોઈ આગળ આવ્યું નથી.

સતત ત્રીજા વરસે નવરાત્રિ બંધ રહેતા રમતપ્રેમીઓમાં આનંદ

રમતગમત માટે બનાવાયેલા સ્ટેડિયમને મનોરંજનના કાર્યક્રમો માટે ભાડે આપવાના કારણે ફ્લોરિંગ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થતું હોવાની રમતપ્રેમીઓની લાંબા સમયથી ફરિયાદ રહી છે. સતત ત્રીજા વર્ષે આયોજકોનો રસ ન દેખાતા હવે સ્ટેડિયમ રમતગમતની પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ રહેવાની શક્યતા છે. ગરબા ન યોજાતા ફ્લોરીંગને નુકસાન અને ભવિષ્યના રિનોવેશન ખર્ચથી બચત થવાની આશાએ રમતપ્રેમીઓએ રાહત વ્યક્ત કરી છે.

સુરતમાં સિંગર સુનિધિ ચૌહાણ-ડાન્સરોના ડાન્સ અને કપડાં સંસ્કૃતિના હનન સમાન

લાઈવ પરફોર્મન્સમાં મર્યાદામાં રહેવા કલાકારોને બજરંગ દળના મૌખિક વિરોધ સાથે ચીમકી

સુરતઃ શહેરનાં પાલ વિસ્તારમાં તા. 3 ઓક્ટોબરે યોજાયેલા બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણના લાઈવ કોન્સર્ટમાં સ્ટેજ પરફોર્મન્સ અને ડાન્સરોના વસ્ત્રોને લઈને બજરંગ દળનાં સંયોજક અભિષેક રાજપુતે સંસ્કૃતિનું હનન ગણાવી વિરોધ કર્યો હતો. આ કાર્યક્રમના કેટલાક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ બંજરગ દળે વિરોધ કર્યો હતો.

આ મુદ્દે બજરંગ દળનાં સંયોજક અભિષેક રાજપુતનો ટેલિફોનીક સંપર્ક સાંધતા તેમણે જણાવ્યું હતું કે, તાજેતરમાં યોજાયેલા સુનિધિ ચૌહાણના લાઈવ કોન્સર્ટ દરમિયાન કપડાં પહેરવાની મર્યાદા જાળવવામાં આવી નથી. આવા કાર્યકમમાં લોકો પરિવાર સાથે સામેલ થતાં હોય છે ત્યારે પરફોર્મન્સ નામે અંગ પ્રદર્શન કરતાં કપડાં એ સંસ્કૃતિનું હનન સમાન છે. જે ચલાવી લેવાય નહીં. ભારતીય સંસ્કૃતિ અનુસાર પહેરવેશ યોગ્ય હોવો જોઈએ અને કાર્યક્રમોમાં પારિવારિક માહોલ જળવાવો જોઈએ. વેસ્ટર્ન સંસ્કૃતિ અને તેની અસર ભારતીય સમાજ પર ન પડે તે માટે ભારતીય નારીના પહેરવેશની પરંપરા અને મર્યાદાનું ધ્યાન રાખવું અનિવાર્ય છે. જોકે આ બાબતે બજરંગ દળનાં અભિષેક રાજપુતે માત્ર મૌખિક વિરોધ કર્યો હતો. આ અંગે સક્ષમ સત્તાધીશને રજૂઆત કે ફરિયાદ કર્યાનો તેઓએ ઈનકાર કર્યો હતો. બીજી તરફ આયોજકોએ ફ્રી પાસ નહીં મળતાં આ ઉહાપોહ હોવાનું જણાવ્યું હતું.

રીઢો વાહનચોર પ્રેમલો બે ચોરીના મોપેડ સાથે ઝડપાયો

સુરતઃ સલાબતપુરા પીઆઈ આર.એ. જાડેજાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ એસ.આઈ. મકરાણી અને ટીમ કાર્યરત હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપી દિવ્યેશ ઉર્ફે પ્રેમલો દીપકભાઈ ધોઢીયા પટેલ (ઉં.વ. ૨૬, રહે,હિલ્લુવાળાનો ટેકરો, ઘંટીવાલા ચાલ પાછળ, રાવણતાડ, રૂસ્તમપુરા, સલાબતપુરા)ને પકડી પાડ્યો હતો. તેની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાં તેણે સલાબતપુરા અને ઉધના પોલીસ મથક વિસ્તારમાંથી ૨ મોપેડ ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલો આરોપી દિવ્યેશ ઉર્ફે પ્રેમલો રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ અગાઉ સલાબતપુરા, ઉમરા, ખટોદરા, મહીધરપુરા અને ઉધના પોલીસ મથકમાં ઘરફોડ ચોરી અને વાહન ચોરી જેવા ૧૦ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

આગ લાગી પણ ફાયરે રૂપિયા 50 લાખથી વધુના હીરા બચાવી લીધા

કતારગામના ગોટાલાવાડી પાસે હીરાના કારખાનામાં BA સેટ પહેરી ફાયર જવાનો જીવના જોખમે અંદર ઘૂસ્યા, 45 મિનિટમાં આગ પર કાબૂ

સુરતઃ કતારગામ વિસ્તારમાં સોમવારે હીરાના કારખાનામાં અચાનક આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ફાયરે આગને કાબુમાં લેવાની સાથે 50 લાખના હીરાની સાથે કિંમતી સામાનને બચાવી લીધા.

ગોટાલાવાડી પાસે કેસરબા માર્કેટ નજીક આવેલા ગંગોત્રી ટાવરમાં બીજા માળે હીતેશભાઈ ડુંગરાણી નામના હીરા ઉધોગકારનું સી.વી.ઈમ્પેક્ષ નામનું હીરાનું કારખાનું આવેલું છે. કારખાનાની મુખ્ય ઓફિસમાં ચાલુ ACમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આગની જાણ થતાં ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનની પાંચ ગાડીઓ સાથે ફાયર લાશ્કરોનો કાફલો પહોંચ્યો હતો. ઓફિસમાં ધુમાડો એટલો ગાઢ હતો કે અંદર પ્રવેશવું પણ મુશ્કેલ બન્યું હતું. ફાયર જવાનોએ બ્રિધિંગ એપેરેટસ (BA) સેટ પહેરી ધુમાડાથી ભરેલી ઓફિસમાં પ્રવેશ કરી આગ પર પાણીનો મારો શરૂ કર્યો હતો. એક તરફ આગને કાબૂમાં લેવાની કામગીરી ચાલી રહી હતી, તો બીજી તરફ કારખાનામાં રહેલા હીરા સહિતના કિંમતી સામાનને સલામત રીતે બહાર કાઢવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

ફાયર જવાનોની સમયસરની કામગીરીને કારણે 50 લાખથી વધુ રૂપિયાની કિંમતના અસલ હીરા અને કિંમતી સામાનને બચાવી લેવામાં આવ્યો હતો. આશરે 45 મિનિટની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો. ફાયર જવાનોએ જીવના જોખમે કરેલી કામગીરીને કારણે હીરા બચી જતાં કારખાનેદારને મોટું આર્થિક નુકસાન ટળી ગયું હતું.

વિડીયો બનાવી ધોરણ-12ના વિદ્યાર્થીએ 13મા માળેથી ઝંપલાવ્યું

‘મારી મરજીથી પગલું ભરું છું, મારા મોત પાછળ કોઈ જવાબદાર નથી’ એવો ઉલ્લેખ કર્યો

નવા ફ્લેટમાં રહેવા જાય તે પહેલાં જ ધનેશે ત્યાં જઈને પગલુ ભર્યુ

સુરતઃ ગોડાદરામાં આજે સોમવારે એક કરુણ ઘટના સામે આવી હતી. ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ કરતાં 18 વર્ષીય વિદ્યાર્થીએ નવા ફ્લેટના 13મા માળેથી નીચે ઝંપલાવી જીવન ટૂંકાવી દીધું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના વતની અને હાલ ગોડાદરાના વિનાયક હાઈટ્સમાં પરિવાર સાથે રહેતા 18 વર્ષીય ધનેશ રામચંદ્ર પ્રજાપતિ ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ કરતો હતો. તેના પિતા કાપડ માર્કેટમાં વેપાર કરે છે. ધનેશને અન્ય એક ભાઈ છે. આજે સવારે ધનેશ ઘરેથી નીકળ્યા બાદ ગોડાદરા વિસ્તારમાં આવેલા રાજ આઈકોન બિલ્ડિંગના 13મા માળે પહોંચ્યો હતો અને ત્યાંથી બાલ્કનીમાંથી નીચે ઝંપલાવ્યું હતું. ગંભીર ઈજાઓને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં ધનેશે આત્મહત્યા કરતાં પહેલાં મોબાઈલમાં વિડીયો બનાવી પોતાની મરજીથી આ પગલું ભરતો હોવાનું અને તેની મોત પાછળ કોઈ જવાબદાર ન હોવાનું જણાવ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ધનેશે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. ધનેશે આ પગલું એ ફ્લેટમાં જઈને ભર્યું જે ફ્લેટ હાલમાં જ પરિવારે લીધો હતો અને ત્યાં રહેવા જાય તે પહેલાં જ દીકરાના આ પગલાંથી પરિવારના માથે આભ તૂટી પડ્યું હતું. આ અંગે પરિવાર કે પોલીસ પાસે સત્તાવાર માહિતી મળી નથી.

મહેસૂલી, ગ્રામસેવકો અને સિટીસરવે કર્મચારી બાદ શિક્ષકો પણ મેદાને

શિક્ષકોના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં તો આંદોલનઃ રાજ્ય મહામંડળની ચીમકી

OPS, હેલ્થકાર્ડ, 300 રજાઓ, ગ્રેચ્યુઇટી સહિતના મુદ્દે સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત, ઓનલાઈન કામગીરીનું ભારણ ઘટાડવાની પણ માંગ

સુરતઃ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની મહત્ત્વની કારોબારી બેઠક વડોદરાની KPGU યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. બેઠકમાં સરકાર સમક્ષ પ્રશ્નો રજૂ કરી તેનો ઝડપી અને હકારાત્મક ઉકેલ લાવવા નિર્ણય લેવાયો હતો. જો સરકાર દ્વારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

બેઠકમાં સૌથી મહત્ત્વના મુદ્દા તરીકે 2005 બાદ સરકારી સેવામાં જોડાયેલા કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) લાગુ કરવાની માંગને આગળ રાખવામાં આવી હતી. આ ઉપરાંત શિક્ષકો માટે હેલ્થકાર્ડ, 300 રજાઓ, ગ્રેચ્યુઈટી તેમજ ફિક્સ પગારના સમયગાળાની રજાઓ જેવા પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી. ફિક્સ પગારની પ્રથા દૂર કરવા તેમજ સરકારી મહેકમમાં ઘટાડાને કારણે ઊભી થતી સમસ્યાઓ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંત વિવિધ પ્રકારની ઓનલાઈન કામગીરી સોંપવામાં આવતી હોવાના મુદ્દે પણ શિક્ષક આગેવાનોએ ચિંતા વ્યક્ત કરી હતી. શિક્ષકો પાસેથી બિનશૈક્ષણિક ઓનલાઈન કામગીરીનું ભારણ ઘટાડવાની માગ કરવામાં આવી હતી. બેઠકમાં સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ વતી પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલ અને મહામંત્રી યશવંત આર. દેવરે હાજરી આપી હતી. બંને આગેવાનોએ સુરત શહેરના શિક્ષકોના પ્રશ્નોને રાજ્યસ્તરે રજૂ કર્યા હતા. શિક્ષક સંઘના આગેવાનોનું કહેવું છે કે લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નો અંગે સરકાર દ્વારા સકારાત્મક નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. આગામી સમયમાં સરકાર તરફથી યોગ્ય કાર્યવાહી નહીં થાય તો શિક્ષક સંગઠન દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો યોજવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ઈચ્છાપોર પોલીસ રીલ બનાવવામાં વ્યસ્ત, વિજિલન્સે દારૂનો અડ્ડો પકડ્યો

ભાઠા ગામમાં સરપ્રાઈઝ રેડમાં દારૂની 1,576 બોટલ મળી, બે લિસ્ટેડ બુટલેગર સહિત 3 ઝડપાયા, મુખ્ય સપ્લાયર વોન્ટેડ

સુરતઃ ઈચ્છાપોર પોલીસ રીલ બનાવવામાં વ્યસ્ત હતી અને દારૂના અડ્ડા પર વિજલન્સે દરોડા પાડી 1.88 લાખનો વિદેશી દારૂ પકડી પાડ્યો હતો.

ભાઠા ગામના ખાડી રોડ પર પાડવામાં આવેલા દરોડામાં બે લિસ્ટેડ બુટલેગર સહિત ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર મુખ્ય શખ્સ ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે વિજિલન્સની કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 1,576 બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂ.1,88,394 છે.

દરોડા દરમિયાન વિજિલન્સે ભાઠા ગામના લિસ્ટેડ બુટલેગર અનિલ સુરેશભાઈ રાઠોડ (ઉં.વ.30), કવાસ ગામના લિસ્ટેડ બુટલેગર પ્રસેનજીત ઉર્ફે રાજુ બંગાળી (ઉં.વ.35) તથા અડાજણના રાજુભાઈ જયરામભાઈ વાઘરી (ઉં.વ.55)ને ઝડપી પાડ્યા હતા. દરમિયાન દારૂનો જથ્થો સપ્લાય કરનાર અમરોલી એસએમસી આવાસ ખાતે રહેતો સંજય બાબુભાઈ દેવીપૂજક પોલીસના હાથે લાગ્યો નહોતો. દરોડા બાદ તે ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. સ્ટેટ વિજિલન્સની આ કાર્યવાહીથી ઈચ્છાપોર પોલીસની કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે. ખાસ કરીને સ્થાનિક પોલીસ મથક વિસ્તારમાં મોટી માત્રામાં દારૂનો જથ્થો મળી આવતાં સ્થાનિક પોલીસની બાતમી અને પેટ્રોલિંગ વ્યવસ્થા સામે પણ ચર્ચા શરૂ થઈ છે.

કેનેરા બેંકમાં મની લોન્ડરિંગ અને ટેરરફન્ડિંગના નામે ડિજિટલ એરેસ્ટ

કાપોદ્રા પોલીસ સ્ટેશન સામે રહેતી મહિલાને મહારાષ્ટ્ર પોલીસના નામે ધમકાવીને 14.40 લાખ ટ્રાન્સફર કરાવી લીધા

સુરતઃ કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે આવેલી મમતાપાર્ક સોસાયટીમાં રહેતી મહિલાને સાયબર ઠગોએ ફોન અને વિડીયો કોલ કરી પોતાની મહારાષ્ટ્ર પોલીસના અધિકારી તરીકે ઓળખ આપી ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા 14.40 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ફરિયાદ મુજબ મમતાપાર્ક સોસાયટીમાં રહેતી જયાબેન જિતેન્દ્રભાઈ રામાણીને તા.16 સપ્ટેમ્બરથી 29 સપ્ટેમ્બર દરમિયાન અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફોન આવ્યા હતા. ફોન કરનાર એક શખ્સે પોતાનું નામ સુમિત શુક્લા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આવેલા વિડીયો કોલમાં એક શખ્સે મહારાષ્ટ્ર પોલીસનો ગણવેશ પહેર્યો હતો અને પોતાનું નામ સુધાકર દેશમુખ હોવાનું જણાવી પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી તેમના નામે કેનેરા બેંકમાં એકાઉન્ટ ખોલવામાં આવ્યું છે અને તેમાં મોટા પાયે મની લોન્ડરિંગના વ્યવહારો થયા છે અને ટેરર ફંડિંગના નામે ધરપકડ વોરંટ નીકળ્યાનું જણાવી સતત ઓનલાઈન સંપર્કમાં રાખી ‘ડિજિટલ અરેસ્ટ’ કરવામાં આવી હતી. ત્યારબાદ મહિનાના બે અલગ કોટક મહિન્દ્રા બેંકના ખાતામાં રૂ.7.20-7.20 લાખ, મળી કુલ રૂ.14.40 લાખ RTGS કરાવ્યા હતા. રકમ ટ્રાન્સફર કર્યા બાદ તેની રસીદો પણ ઠગોને મોકલાવવામાં આવી હતી.

દાગીના બે વખત ગીરો મૂકી નાણાં આપ્યા

મહિલાને મહારાષ્ટ્ર પોલીસના નામે ડરાવી આધાર કાર્ડ મેળવી લીધું હતું. જે બાદ આધારકાર્ડ પરથી ખોટા દસ્તાવેજ ઠગો બનાવી તેમને મોકલ્યા હતા. ખોટા દસ્તાવેજથી ડરાવવાનું શરૂ કરતાં મહિલા 13 દિવસ સુધી પતિ કે દીકરાને જાણ ન કરી. આ દરમિયાન ઠગોને પેમેન્ટ આપવા બે વખત પોતાના દાગીના ગીરો મુકી પૈસા ઠગોને ચૂકવ્યા હતા. જે બાદ પણ માંગણી ચાલુ રહેતા જયા બેન દીકરાને જાણ કરતા ભાંડો ફૂટ્યો હતો.

NDPSના ગુનામાં ફરાર બે આરોપીને ઉધના પોલીસે ઝડપી પાડ્યા

સુરતઃ ઉધના પોલીસે બાતમીના આધારે NDPS ગુનામાં વોન્ટેડ ધીરજ ઉર્ફે બ્રમ્હા પ્રશાંત પન્ડા (ઉ.વ.૨૩, રહે., પ્રભુનગર, BRC, ઉધના, મૂળ ગંજામ, ઓરિસ્સા) અને ભાગવત કૌતીક પાટીલ (ઉ.વ.૨૨, રહે., પ્રભુનગર, BRC, ઉધના, મૂળ છત્રપતિ સંભાજીનગર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યા હતા. પકડાયેલો આરોપી ભાગવત કૌતીક પાટીલ ગુનાહિત માનસિકતા ધરાવે છે. તેની વિરુદ્ધ અગાઉ ઉધના અને ડીસીબી પોલીસ સ્ટેશનમાં મારમારી, ગેરકાયદેસર હથિયાર (આર્મ્સ એક્ટ) તથા દારૂબંધી (પ્રોહિબિશન) જેવા ગંભીર ૫ જેટલા ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે.

સરકારી જમીન પર દાવો કરી વેટરનરી પોલીક્લિનીકની દીવાલ તોડી નાંખી

નિકુંજ પટેલે 70 હજારનું નુકસાન કરી લોખંડનો દરવાજો લગાવ્યો

બાંધકામના કોન્ટ્રાક્ટર-મજૂરોને જાનથી મારી નાખવાની ધમકી

સુરતઃ અશ્વિનીકુમાર એ.કે. રોડ પર આવેલા વેટરનરી પોલીક્લિનીક કચેરીની જમીન પર ચાલી રહેલુ બાંધકામ બંધકરાવી મજૂરો અને કોન્ટ્રાક્ટને મારી ગાળો આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સુરત સિટીના કતારગામ સર્વે નંબર ૩૯૧/પૈકી (ટી.પી. સ્કીમ નં. ૪, ફાઈનલ પ્લોટ નં. ૨ અને ૩) વાળી જમીન પશુપાલન નિયામક, ગુજરાત રાજ્યની માલિકીની છે અને હાલ તે વેટરનરી પોલીક્લિનીકના ભોગવટા હેઠળ છે. અહીં આવેલ જૂનું સરકારી મકાન જર્જરીત હાલતમાં હોય, સરકારની પૂર્વ મંજૂરીથી તેનું ડિમોલેશન કરી સુરત મહાનગરપાલિકા દ્વારા નવા મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું.નવા મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે નિકુંજભાઈ ભીખાભાઈ પટેલ(રહે. દેવજી નગર સોસાયટી, વરાછા) નામના શખ્સે આ સરકારી મિલકત પોતાની હોવાનો દાવો કરી હોબાળો મચાવ્યો હતો. અગાઉ પણ માતા નામે વકીલ મારફતે નોટિસ આપવામાં આવી હતી અને સરકારી દસ્તાવેજો દ્વારા આ જમીન પશુપાલન વિભાગની હોવાનાં પુરાવા રજૂ કરવા છતાં આરોપીએ અવારનવાર પોલીસ કંટ્રોલમાં ખોટા ફોન કરીને બાંધકામમાં બિનજરૂરી રૂકાવટ ઊભી કરી હતી. ગત તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ આરોપી નિકુંજભાઈ પટેલે વેટરનરી પોલીક્લિનીકની પશ્ચિમ દિશા તરફની આશરે ૭ બાય ૭ ફૂટની દીવાલ તોડી પાડી ત્યાં પોતાનો લોખંડનો દરવાજો પણ લગાવી દીધો હતો. સાથે સાથે આ ગેરકાયદે તોડફોડ અટકાવવાનો પ્રયાસ કરનારને મારી નાખવાની ધમકી આપીલ હતી. બનાવ અંગે આજે તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ઈન્ચાર્જ નાયબ પશુપાલન નિયામક ડો. અશોકકુમાર વલ્લભભાઈ કુંભાણીએ રૂબરૂમાં પોલીસ મથકે પહોંચીને નિકુંજભાઈ ભીખાભાઈ પટેલ વિરુદ્ધ સરકારી મિલકતમાં ગેરકાયદે પ્રવેશ કરી તોડફોડ કરવા, અડચણ ઊભી કરવા અને મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધાવ્યો છે.